# કોર્ટ ઓફ કમિશનર (વિકલાંગ વ્યકિતઓ માટેના)

ગુજરાત રાજય

( Deemed Civil Court) વિકલાંગ ધારો (સમાન તકો, અધિકારોનું રક્ષણ અને પૂર્ણ ભાગીદારી) ૧૯૯૫

ભોંયતળિયે બ્લોક નં. ૧૬, જુના સચિવાલય, સેકટર-૧૦, ગાંધીનગર- ૩૮૨૦૧૦

કેસ નં. ૫૦૭/૨૦૧૪-૧૫ ક્રમાંક કમિ/અપગ/૨૦૧૬-૧૭ /

તા. / ૦૮/૨૦૧૬

સુઓ મોટો કેસઃ-

વિરૂધ્ધ

પ્રતિવાદીઃ-

ડાયરેકટરશ્રી,
એરપોર્ટ ઓર્થોરીટી,
હરણી એરપોર્ટ, હરણી
વડોદરા

વિષયઃ- વિકલાંગ ધારા-૧૯૯૫ની જોગવાઇ અનુસાર વિકલાંગો માટે બેરીયરફ્રી સુવિધા પુરી પાડવા બાબત.

એરોપોર્ટ વડોદરા ખાતે વિકલાંગ ધારા (સમાન તકો, અધિકારોનુ રક્ષણ અને પુર્ણ ભાગીદારી)-૧૯૯૫ ની કલમ ૪૪ થી ૪૬ માં કરાયેલ જોગવાઇઓ મુજબ દિવ્યાંગ વ્યકિતઓ એરપોર્ટ પર સરળતાથી પ્રવેશી શકે તેવી સુગ્મય સવલતો પૂરી પાડવા બાબતે આ કોર્ટ ધ્વારા તા.૨૫/૮/૨૦૧૪ ના રોજ સુઓ મોટો કેસ નં. ૫૦૭/૨૦૧૪-૧૫ તરીકે દાખલ કરી ડાયરેકટરશ્રી, એરપોર્ટ ઓથોરીટી, વડોદરાને પક્ષકાર બનાવી તા.૮/૯/૨૦૧૪ ના રોજ સુનાવણી રાખવામાં આવેલ હતી. પ્રસ્તુત સમયે તેઓ હાજર નહી રહી શકતાં પુનઃ તા.૧૬/૯/૧૪ ના રોજ સુનાવણી મુલત્તવી રાખવામાં આવેલ.

૨. તા.૧૬/૯/૨૦૧૪ ના રોજની સુનાવણી સમયે એરપોર્ટ ઓથોરીટી, વડોદરા તરફથી સબંધિત કોઇ અધિકારીશ્રીઓ હાજર નહી રહેતા પુનઃ તા. ૧૫/૧૨/૨૦૦૪ની

સુનાવણી રાખવામાં આવેલ. આ કચેરીના તા.૨/૨/૨૦૧૪ ના પત્ર છતાં એરપોર્ટ ઓથોરીટી અમદાવાદ તરફથી કોઇ હાજર રહેલ નથી કે લેખિત સોંગદનામા કે વિકલાંગોને સવલતો અંગે કોઇ લેખિત પુરાવા રજુ કરેલ નથી. દિવ્યાંગો માટે બેરીયર ફ્રી વાતાવરણ ઉભું કરવા કરેલ કાર્યવાહીની વિગતો કે સ્ટેટસ રીપોર્ટ પણ મોકલી આપવામાં આવેલ નથી કે કોર્ટના પત્રનો કોઇ જવાબ પણ આપવામાં આવેલ નથી.

૩. ભારત સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રાલય હેઠળના સશકત ભારત વિકલાંગ વ્યકિતઓના સશકતિકરણ વિભાગ ધ્વારા " સુગમ્ય ભારત અભિયાન" ની શરૂઆત કરવામાં આવેલ છે.

૪. ભારત વિકલાંગો વ્યકિતના અધિકાર ઉપર સંયુકત રાષ્ટ્ર કન્વેન્શન ઉપર હસ્તાક્ષરકર્તા દેશ છે. યુ.એન.સી.આર.પી.ડી.ના અનુચ્છેદ-૯ થી તમામ હસ્તાક્ષરકર્તા દેશોમાં, વિકલાંગ વ્યકિતઓ માટે અન્ય વ્યકિતઓની જેમ સમાન આધાર પર ગ્રામ્ય અને શહેરી વિસ્તારોમાં ભૌતિક વાતાવરણ, પરિવહન, સુચના તથા સંદેશા વ્યવહારના સાધનો પરત્વે સમુચિત ઉપાયો કરવાની જવાબદારી સોંપાયેલ છે. પ્રસ્તુત ઉપાયોમાં સુગ્મયતાના હેતુસર તમામ સ્કુલો,આવાસ, દવાખાના,કાર્યસ્થળે સહિત સરકારી ભવનો, સાર્વજનિક સ્થળોઓએ તથા જાહેર રસ્તાઓ, પરિવહન અને અન્ય આંતરિક તથા બ્રાહય સુવિધાઓ ઉપલબ્ધ કરવાની બાબતોનો સમાવેશ થાય છે. ઇલેકટ્રોનિક સેવા, વેબસાઇટ તથા આકસ્મિક સેવાઓ સહિતની સેવાઓમાં સુગમ્યતા ઉભી કરવાનો સમાવેશ થાય છે.

૫. ભારતીય વિકલાંગ ધારો -૧૯૯૫ની કલમ-૪૪ અન્વયે પરિવહનમાં બિન-અલિપ્તતા, કલમ–૪૫ માં રસ્તા પર બિનઅલિપ્તતા અને ૪૬માં બાંધકામ પર્યાવરણમાં બિન અલિપ્તતા અંગે નીચે મુજબ જોગવાઇ કરવામાં આવેલ છે.

૪૪. પરિવહનમાં અલિપ્તતાઃ-

પરિવહન ક્ષેત્રે કાર્યરત એકમો તેમની આર્થિક ક્ષમતા અને વિકાસની મર્યાદામાં રહીને વ્યકિતઓના લાભાર્થે ખાસ પગલાં ભરાશે.

(એ) આવી વ્યકિતઓને સરળ પહોંચને અનુકુળ હોય એવી રીતે રેલ્વે કમ્પાર્ટમેન્ટ, બસો, વાહણો અને વિમાનો બનાવવા.

(બી) રેલ્વે કમ્પર્ટમેન્ટો,વાહણો, વિમાનો અને પ્રતિક્ષાલયોમાં એવી રીતે સંડાસો બનાવવાં વ્હીલચેર વાપરનારાઓ તેનો સુગમતાથી ઉપયોગ કરી શકે.

૪૫. રસ્તા પર બિનઅલિપ્તતાઃ-

જે તે સરકાર અને સ્થાનિક સત્તામંડળો તેમની આર્થિક ક્ષમતા અને વિકાસની મર્યાદામાં રહીને નીચેની સુવિધાઓ પૂરી પાડશે.

(એ) દ્રષ્ટિહિન વ્યકિતઓના લાભાર્થે જાહેર રસ્તા ઉપર લાલ બતીવાળા સ્થળોએ શ્રાવ્ય સંકેતો ઉભા કરાશે.

(બી) વ્હીલચેર વાપરનારાઓની સરળ પહોંચ માટે ફુટપાથ ઉપર ઢાળ અને ગતિ ધટાડવા માટેના અવરોધો બનાવશે.

(સી) અંધજનો અથવા ઓછી દ્રષ્ટિવાળી વ્યકિતઓ માટે ઝીબ્રા ક્રોસીંગની નિશાનીઓ ઉભી કરાશે.

(ડી) અંધજનો અથવા ઓછી દ્રષ્ટિવાળી વ્યકિતઓ માટે રેલ્વે પ્લેટફોર્મની કિનારીએ કોતરણીવાળી નિશાની કરવી.

(ઇ) વિકલાંગતાના યથાયોગ્ય પ્રતિકો ઘડવા

(એફ) યથાયોગ્ય સ્થળોએ ચેતવણી સૂચક સંકેતો મૂકવા.

૪૬. બાંધકામ પર્યાવરણમાં બિનઅલિપ્તતાઃ-

(એ) જાહેર ઇમારતોમાં રેમ્પ (ઢાળ)

(બી) વ્હીલરચેર વાપરનારઓ માટે યોગ્ય પ્રકારના સંડાસો.

(સી) એલીવેટર કે લીફટમાં બ્રેઇલ પ્રતિકો અને શ્રાવ્ય સંકેતો મૂકવા.

(ડી) દવાખાનાઓ, પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને અન્ય તબીબી સંભાળ તેમજ પુનવર્સન સંસ્થાઓમાં રેમ્પ (ઢાળ)

૬. " સુગ્મય ભારત સશકત ભારત " અભિયાન અન્વયે ભારત સરકાર ધ્વારા એરપોર્ટમાં સુગ્મયતાની વૃધ્ધિ માટે નીચે મુજબ જોગવાઇ કરવામાં આવી છે.

કોઇ પણ એરપોર્ટને ત્યારે જ સુગ્મય માનવામાં આવશે કે, જયારે કોઇ પણ દિવ્યાંગ વ્યકિત તેમાં કોઇ પણ અડચણ વિના આસાનીથી પ્રવેશી શકે અને તેની

તમામ સુવિધા અને બોર્ડીંગ તથા વિમાનમાં આસાનીથી ચઢવા-ઉતરવા જેવી સુવિધાઓ પ્રાપ્ત કરી શકે. તેમાં આ પ્રમાણેની બાબતો સમાવિષ્ટ છે. સેવાઓ, સીડી, રેમ્પ, રોલીંગ, પ્રવેશદ્વાર, આકસ્મિક નિકાસ, પાર્કીંગની સાથે સાથે લાઇટીંગ, સિગ્નલસ, એલાર્મ સિસ્ટમ તથા ટોઇલેટ જેવી આંતરીક અને બ્રાહય સુવિધાઓ જે પુર્ણ કરવા માટે નીચે મુજબ લક્ષ્યાંક નકકી કર્યા છે.

(૧) બધા જ આંતર રાષ્ટ્રીય હવાઇ મથકોના એકસેસીબલ ઓડીટ કરાવીને પૂર્ણ સુગ્મય આંતર રાષ્ટ્રીય હવાઇ મથકો તરીકે જુલાઇ-૨૦૧૬ સુધીમાં પરિવર્તિત કરવા.

(૨) તમામ ડોમેસ્ટીક હવાઇ મથકોના એકસેસીબલ ઓડીટ કરાવી તેઓને માર્ચ -૨૦૧૮ સુધીમાં પૂર્ણ સુગમ્ય રાષ્ટ્રીય હવાઇ મથકો તરીકે પરીવર્તિત કરવા.

૭. ભારતીય વિકલાંગ ધારો- ૧૯૯૫ ની જોગવાઇ ક્રમાંકઃ ૪૪ થી ૪૬ માં કરવામાં આવેલ જોગવાઇઓ અને સુગમ્ય ભારત અભિયાનની ઉપરોકત માર્ગદર્શક સુચનાઓ ધ્યાને લઇ વડોદરા ડોમેસ્ટીક હવાઇ મથકને નિધારીત સમય મર્યાદામાં દિવ્યાંગ વ્યકિતઓ સુગમતાથી અવરજવર કરી શકે તથા તેઓને તમામ સવલતો મળી રહે તે હેતુથી એરપોર્ટ ખાતે રેમ્પ, રેલીંગ, વ્હીલચેરની સવલત, વ્હીલચેર વાપરનારાઓ માટે યોગ્ય પ્રકારના સંડાસોના બાંધકામ, દિવ્યાંગો માટે ખાસ પ્રકારની લીફટ બનાવવા તથા લીફીટમાં બ્રેઇલ પ્રતિકો / શ્રાવ્ય સંકેતો મુકવા, હવાઇ મથકો કોતરણીની નિશાની કરવી, દિવ્યાંગોને સરળતાથી ટિકીટની ઉપલબ્ધિ, એરપોર્ટ ઉપર મુસાફર ખાનામાં બેઠક વ્યવસ્થા, વેઇટીંગ રૂમ અને કચેરીમાં તેઓ સરળતાથી પ્રવેશી શકે તેવી વ્યવસ્થા લાઇટ પંખા, જેવી સવલતોનો દિવ્યાંગો જાતે ઉપયોગ કરી શકે તથા કચેરીમાં સરળતાથી કાગળો વગેરે આપી શકે તે રીતે ફર્નિચર, લાઇટ- પંખા વગેરેની સવલતો પુરી પાડવા, તેઓ ઓનલાઇન ટિકીટ મેળવી શકે તથા જરૂરી માહિતી જોઇ, વાંચી, મેળવી તેના આદાન-પ્રદાન કરી શકે

તેવી સુગ્મય વેબસાઇટ બનાવવા જેવી તમામ કાર્યવાહી સત્વરે કરવા જણાવવામાં આવે છે. વડોદરા આંતર રાષ્ટ્રીય હવાઇ મથક અને ડોમેસ્ટીક હવાઇ મથકને દિવ્યાંગો માટે સુગ્મય બનાવી શકાય તેવી કાર્યવાહી કરવા માટે નિયત એજન્સી મારફતે એરપોર્ટનું એકસેસીબલ ઓડીટ કરાવવા કાર્યવાહી કરવા વિચારણા કરવા પણ હુકમ કરવામાં આવે છે.

પ્રસ્તુત હુકમ સાથે હું કેસનો નિકાલ  કરું છું.

(સંજય નંદન)
કમિશનર

નકલ રવાનાઃ-

ડાયરેકટરશ્રી, એરપોર્ટ ઓર્થોરીટી, હરણી એરપોર્ટ, હરણી વડોદરા